# અસંગઠિત મજૂર માટે એક દિવાસ્વપ્ન

*[ અસંગઠિત મજૂરો માટેના મજૂર કાયદાની જીનીવા ખાતે તા. ૧૫, તા ૧૬-૬- ૨૦૦૨ના રોજ એક કૉન્ફરન્સ મળી હતી. આ કૉન્ફરન્સમાં ૧૭ દેશોનાં પ્રતિનિધિઓએ ભાગ લીધેલ. શ્રી ધીમંતભાઈ એસ. વસાવડાએ 'સેવા' સંસ્થાના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો ત્યારે ત્યાં આપેલું પ્રવચન. ]*

અસંગઠિત મજૂરોને મજૂરકાયદાના લાભ મળતા નથી તેવો 'સેવા'નો અનુભવ છે. માલિકો સરકારના કાયદાનું છડેચોક ઉલ્લંઘન કરે છે. પટેલ જીવરામભાઈ બીડી વર્કસનો દાખલો આપીએ તો આ બાબતમાં ઘણું કરવાનું રહે છે. પ્રોવિડંટ ફંડ કમિશનરે જે બીડીકામદારો ઘરે બીડી બનાવતા હતા તેઓને વચગાળાના હુકમથી પ્રોવિડંટ ફંડનો લાભ આપવો અને તેની રકમો જમા કરવાનો હુકમ કર્યો. આવો હુકમ થયેલ હોવા છતાં આ હુકમનો અમલ પ્રોવિડંટ ફંડ કમિશનર કે 'સેવા' કરાવી શકતા નથી અને અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. જો મજૂર સંઘ આવા હુકમનાં અમલ માટે આગ્રહ રાખે તો કામદારોની નોકરી જાય અને કામદારોને ભૂખમરો વેઠવો પડે. આથી યુનિયનો પણ કાયદો અને કોર્ટનો હુકમ હોવા છતાં અમલ માટે સંઘર્ષ કરે છે.

કામદાર અને માલિકનાં સંબંધો માટે પણ અસંગઠિત ક્ષેત્રમાં ખૂબ જ સુધારા અને ફેરફારની આવશ્યકતા છે. ભારતની સર્વોચ્ચ અદાલતે આ ક્ષેત્રમાં પણ ખૂબ જ શકવર્તી ચુકાદા આપ્યા છે. સરસપુર મિલ્સ, રમણલાલ ચીમનલાલ અને અન્યનાં કેસમાં ૧૯૭૩ વૉલ્યુમ-૨ એલએલ. જે - પાના નં. ૧૩૦, સર્વોચ્ચ અદાલતે કર્મચારીની વ્યાખ્યાનું અર્થઘટન કરીને ઠરાવ્યું કે કાપડ સૂતર મિલમાં સહકારી મંડળી દ્વારા ચાલતી મંડળીનાં કામદારો પણ મિલનાં કર્મચારી છે અને એ લોકોને પણ મિલનાં કર્મચારીની જેમ તમામ લાભો આપવા જોઈએ. તેવી જ રીતે સિલ્વર જ્યુબિલી ટેલરિંગ હાઉસ અને અન્ય અને ચીફ ઈન્સ્પેક્ટર ઑફ શૉપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ અને અન્યનાં કેસમાં ૧૯૭૩ (૨) એલએલ. જે પાના નં. ૪૯૫માં સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવ્યું છે કે જો માલિક આખરી પેદાશ થયેલ વસ્તુનો અસ્વીકાર કરી શકે તો તેવા કિસ્સામાં જે તે કામદારોએ એવી પેદાશ બનાવવામાં મજૂરી કરી હોઈ તે લોકોને સંસ્થાના કામદારો ગણી શકાય. તેવી જ રીતે હસનભાઈ કાલીકટ અને અલાથ ફેક્ટરી યોજી લારી યુનિયન, કાલીકટ અને અન્યના કેસમાં ૧૯૭૮ વૉલ્યુમ-૨ એલએલ. જે પાના નં. ૩૯૭ ઉપર એવું સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે જો કામદારોનો સમૂહ અથવા તો કામદાર કોઈપણ રૂપમાં સંસ્થા જે ચીજવસ્તુનું ઉત્પાદન કરતી હોય તે ઉત્પાદન કરવામાં મજૂરીનું પ્રદાન કરે તો તે કામદારો પણ સંસ્થાના જ કામદારો ગણાય. તાજેતરમાં એસ. કે. નસિરુદ્દીન બીડી મરચન્ટ લિ. અને સેંટ્રલ પ્રોવિડંટ ફંડ કમિશનર અને બીજામાં પણ ૨૦૦૧ વૉલ્યુમ-૧ એલએલ. જે પાના નં. ૮૪૦માં સર્વોચ્ચ અદાલતે પણ પ્રોવિડંટ ફંડ કમિશનરના હુકમને માન્ય રાખી અને ઘરે બીડી બનાવતા કામદારોને પણ સંસ્થાના કામદારો ઠરાવ્યા